


VASILO PANJETAN PAK (AS)

MOULANA ALI (AS) MOULANA HUSSAIN (AS)

MOULANA ABBAS (AS)

SYEDNA HATIM BIN IBRAHIM (AS)


PDF By:
Yusuf
Abd'il Qadir
ٱهْدِنَا ٱلصِّرَٰطَ ٱلْمُسْتَقِيمَ
Guide us to the straight path.
Quran 1:6

વસીલા

પંજેતને પાક (અ.સ.)

અય પરવરદીગાર, અય રહમતુન લીલઆલ-મીન, તારી કુદરત બેસુંમાર ઝાહીરન વ બાતીનન છે, યા ઈલાહલ આલમીન, તુયે કુન કહીને ઝમીનં બીછાવી દીધી ને ફયકુન કહીને તુયે આસમાનનું ચક્કર ફીરાયુ, તેમજ અંબીયાએ સાલેકુનને ગવર્નર બનાવી દુનિયામાં ઝગમગાયા, એવીજ રીતે બંદાઓ પેદા કરી એહનો પૈદા-ઈસનો સીલસીલોભી જમાયો, રઝઝાક તુયે રીઝકનો દર-વાઝો દુનિયામાં ખોલી આપ્યો, ખાવાની તદબીર ભી બંદાઓને ઈલ્હામસી શીખાવી હુનરનો જઝબો કાયમ

કીધો. હવે તારી તોહીદના બાદ અરઝ ગુઝારયે છે કે પંજેતનપાકનો વસીલો પેશ કરીયે અને તુને અરઝ ગુઝારીયે કે તે બાઈસ સબ મતાલીબ હાસીલ કરીયે, મુરાદો હમારી ઝરૂર બખ્શી આપશે. યા સમીઉન અલીમ, વસીલો પંજેતનનો આલા વસીલો છે, કે જે પંજેતનના અસ્મા અર્શ ને કુરસી પર ચમકી રહ્યા છે અને હમારી નજાતના જલવા છે, ને પંજેતનપાક તારા ખાસ્સાયે ઇલાક છે, એનો વસીલો તુ જલદી કબુલ કરશે. અને હમારી સબ મુરાદો મીસ્લે બારીશ ટપકાવશે. યકીન છે કે મુરાદો અતા કરશે યકીન સદ યકીન હમારા દીલમાં મુકીમ છે. યાની અંબીયા ઓસીયાની મુરાદ બ ફઝલીલ્લાહો તઆલા બખ્શી તો હમે અંબીયા-ઓસીયાના કલેમાઝો અને સલવાત પઢનાર છે, સચ્ચા મોહીબ છે તો કેમ મુરાદોસી મેહરૂમ રહીસે, ઝરૂર મુરાદ બખ્શી

આપશે. પંજેતનપાક હરેકને ફૈઝ આપે છે, તેનો વસીલો તુને પેશ કરીયે તે કબુલ કરજે.

હવે મતલબે અવ્વલ આ છે કે હમને નેક રસ્તે ચલાવજે. બીદ્દતના લોગોસી પનાહ આપજે, બીજો મતલબ આ છે કે દાઈઝઝમાનની તાઅત અને ખીદમત કરવાની અને એનું ફરમાને આલી, ફરમાને ખુદા વ નબી સમજી, આંખ માથા પર ચઢાવવાની તોફીક અતા કરજે, હમને મેહરૂમ ન રાખજે. ત્રીજો મતલબ આ છે. તારી ફરીઝત ઈબાદત છે તે નમાઝોમાં ગફલત ન આઈયે, તુને પાંચ વકત સજદામાં ઝુકી અને અલ્હમદો-લીલ્લાહની સુરાહ પઢી ફૈઝયાબ થઈયે. ચોથો મતલબ આ છે કે હલાલની રોઝી બખ્શજે, પાક જમનને જમા-રજે, રીઝકભી જલ્દી જલ્દી અતા કરજે, મોહતાજગીસી

અમાન બખ્શજે. ઓલીયાએ કીરામ પર ફાતેહા–સલવાત પઢવાના હોસલા–મુકીમ રાખજે, પાંચમો મતલબ આ છે કે વેપારમાં ઘી તરક્કી થાય ઈન્કલાબે ઝમાનસી બચાવજે, હર દુઃખદર્દસી અમાન ને બખ્શજે, અલઅમાન અલમાનની દુઆ ઝેરેલબ હમારે છે કબુલ કરજે છઠ્ઠો મતલબ આ છે કે પંજેતનપાક પર આંખોસી આંસુ બહાવવા પર આમાદા રાખજે અહતું વીર્દ સૌની ઝબાન પર કાયમ રહેવાની તોફીક બખ્શજે, મજલીસે હુસૈન (અ. સ.) કરવાની અને મજલીસમાં જાવાની ખુબી અતા કરજે અને બરકતના મેવા ખીલાવજે. ઈઝઝતો હુરમત બઢાવજે, આશીકે હુસૈન અને ઝુવવારે હુસૈન બનાવી ઈફતેખાર બખ્શજે અને દાઈઝઝમાનની હર આરઝુ તમામ કરજે, એના ચહેરા પર આકા તઈયબ ઈમામનું નૂર અજબ ઈમામ તઈયબ

છે, અજબ દાઈ એ મુતહહર છે. એહલુલવલાના છે. દાઈની ઉમર શરીફ નૂહની મીસલ દરાઝ કરજે, એહનો સાયો હમારા પર ઝુવવારે પંજેતન પાક બનાવી, ઝરીહો પર માથાને ઝુકાવવાની રગબત અતા કરજે. જહન્નમસી અમાન આપજે, જન્નતમાં વસાવજે, અને મૌત બાદ કબ્રમાં મુનકર–નકીરના ગુસ્સાથી નજાત આપજે. ઝીંદગીમાં રાહત બખ્શજે મૌતની સખ્તી આસાન કરજે, મુઅીનીન આપસમાં મોહબ્બત બખ્શજે વલહમ્દોલીલ્લાહે રબ્બુલ આલમીન, ફતબામકલ્લાહો અહસનુલ આલેસ્યન અય પરવરદીગાર તુએ અય્યુબનબીને કીરાના અઝાબસી આઝાદ કીધા અને યુનુસનબીને મચ્છીના પેટસી નીકાલી ઝાહેર કીધા અય પરવરદીગાર, મોહંમદુલ મુસ્તુફાને મેઅરાજ બખ્શી ખુશ કીધા, એહના દુશ્મનો

સી પનાહ કીધા એનું દીનને કામીલ કીધું કયામત તક જારીયા સારીયા રાખુ. કયામત તક બાકી રહેશે. કયામતના માલીક મોહંમદના નવાસા કાયમ (અ. સ.) ને બનાયા. અય પરવરદીગાર, વસીયે રસુલુલ્લાહને ઝુલ્ફીકાર બખ્શી ફાતેમાં (અ. સ.)ને દુલ્હન બનાવી અલીયુલમુર્તુઝાને બખ્શી, દુલદુલ ઘોડો નાયાબ બખ્શી હર લડાઈ ફતેહ કરવાની ઈમદાદ બખ્શી. અસદુલ્લાહ-વદુલ્લાહ બે રૂત્બા ઈનાયત કીધા. એ પરવરદીગાર, બીલ્કીસને સુલેમાન સી મીલાયા, ને સુલેમાનને પરીન્દ ચરીન્દ, દરીન્દના મુખ્તાર બનાયા, તેમજ તારા ફરીશ્તા ઓ સુલેમાનના ખીદમત ગુઝાર થયા. આ અવસાફના બાદ અય પરવરદીગાર હમે તારા બંદાઓ કરમ અલતાફનું માંગનુ કરીયે છે. કરમ અને રહેમની નઝરાત ફીરાવજે હર મઝાહીબના લોગો પર સુરખુરૂં રાખજે.

અય પરવરદીગાર ઈસા મસીહને મુર્દા ઝીંદા કરવાના મોઅજીઝા બખ્શા, અને બીમાર લોગો વાસ્તે હકીમે હાઝીક બનાયા ઇસાને સુલી પરસી ઝીંદા આસમાન પર ઉંચા કીધા હમે તારા બંદાઓ ચાહીયે છે કે કયામતમાં પંજતન પાકના વસીલાસી અને વાસ્તાસી ફીરદોસની સૈર કરાવજે. હોઝેકોસરનો મીઠા આબનો જામ આપજે. અય પરવરદીગાર હમારા જે ગુનાહો હોય તે પંજેતન પાકના વાસ્તાસી બખ્શી દેજે, ઈસ્લામના સાત દઆએમત પર હમે ચાહીએ છે, તેમજ ચાલવાની તોફીક બખ્શી આપજે. નહ્‌નાહો ખયરૂન હાફીઝા. અય પરવરદીગાર, મોહંમદ નબી હલીમ થા અને યહુદીયાનું ઝહેર નસીબ થયું અને શહીદ થયા તેમ હસન (અ. સ.) નવાસા હલીમ થા તે ભી મુઆવીયાનું ઝહેર પીધું ને શહીદ થયા, તેહનો

વસીલો લઈએ છે કે હમને હલીમનો સબક આપ ને
હલીમ બનાવી દેજે. આ અમલ ઘણું બહેતરીન છે,
અય પરવરદીગાર અલીયે આલાને હેદરે સફદર બનાવ્યા
અને બહાદુરી બખશી, તાકે અલી આએ ખયબર
ફતેહ કરીને કમાડની ઢાલ બનાવી, એ બારીતઆલા,
અલીને ફાતેહ ખંદક બનાયા ને કોબ્લામાં શહાદતનું
ઇનામ બખશ્યુ. તેમજ હુસેનને સફદર દીલાવર બનાવી
કરબલામાં ખંજરસી શહીદ થાવાનું અફઝલ બખશું.
અલી વ હુસેનના વાસ્તાસી હમને પણ તાકત બખ્શજે
ને દઅવતના દુશ્મનો પર હાવી કરજે, ને બચાવજે
એ પરવરદીગાર, ફાતેમા, ખાતુને જન્નંત અને બકી-
જતુલ કુબરા મમસુલે પંજેતનના વાસ્તા સી સબ્રોશુકનો
કોલાદો પહેનાવજે અને રોઝા નમાઝોના પાબંદ
રાખજે કે રોઝી નમાઝનું ફઝલ ઘનું છે એ બારીત

આલા, પંજેતનના ખુલાસા અને લાડલા ને પીયરા મૌલાના ઈમામીત તૈયબ છે. એના ઝુહુર કરવામાં તાખીર ના કરજે. દાવતીત તૈયબનું જોહર અફ્સાં કરજે. તૈયબ ઈમામના દીદાર નસીબ કરજે. તૈયબ ઈમામની સવારી મોઇઝલીલ્લાહની મીસલે દીખાવજે. એહનો ડંકો હનો આખી દુનિયામાં સુનાવજે, અને ઈમામ તૈયબના ગુલામો હમે છે, ને આ સવારીનો ડંકો દીખાવાનું ફખર બખ્શજે. ઇમામનું ઝુહરને હાઝીર દાઈના હાથ પર કરીને મુમીનીન વ મુમેનાતને ખુશ કરજે. ઈસ્લામ અને ઈમાનનું ઝુહુર હર કોમ પર મશહુર કરજે. ઈમામ તૈયબ કોન છે. એ પરવરદીગાર તારૂં નૂર છે, મીસ્બાહ છે, કે તું અલ્લાહો નુરૂસ્સમાવાતે વલઅરદેની આયાત કુરઆનમાં ઉતારી, હમે તીલાવત કરી સુનાવીયે છે. બિસ્મીલ્લા નીર્રહમા નીરરહીમ, અલ્લાહો નુરૂસ્સમાવાતે

વલઅરદો મસલો નુરેહી કમીશકાતીન ફીહા મીસ્બાહુલ મીસબાહો ફી ઝુજાજતી ઝઝુજાજતો કા અન્ન હા કવકબુન દુરરીયન યુકદો મીન શજરતીન મુબારકતીન ઝયતુનતીન લા શરકીયતીન વલ ગરબીયુતીન યકાદુઝયતોહા યુઝીયોઅ વલ વલમ તમસ્સહુ નારૂન નુરૂન અલા નુરીન યાહદીયલ્લાહો લેનુરેહી મયયશાઓ વ યઝરે બોલ્લાહોલ અમસાલેલલીન્નાસે વલ્લાહો બેકુલ્લે શયઈન અલીમ.

HATE NO ONE, NO MATTER HOW MUCH THEY'VE WRONGED YOU. **LIVE HUMBLY,** NO MATTER HOW WEALTHY YOU BECOME. **THINK POSITIVELY,** NO MATTER HOW HARD LIFE IS. **GIVE MUCH,** EVEN IF YOU'VE BEEN GIVEN LITTLE. **KEEP IN TOUCH** WITH THE ONES WHO HAVE FORGOTTEN YOU, AND **FORGIVE WHO HAS WRONGED YOU,** AND DO NOT STOP *Praying* FOR THE BEST OF THOSE YOU LOVE.

- IMAM ALI (AS)

વસીલા

મૌલાના અલી (અ. સ.)

યા અલ્લાહો, યા રબ્બો, યા રેહમાનો, યા રહીમો, એ ઈલાહેલ આલમીન, એ ખાલીક, આ તારા વલી તારા નબીના વસી, તારા અને તારા નબીના મેહબુબ, ફાતેમતુઝ ઝેહરાના શૌહર છે. હસન અને હુસૈનના કીબ્લાગાહ છે. તારા રસુલના હકીકી ભાઈ છે ને હમહમ છે તારા નઝદીક એની હુરમત અઝીમ છે. એહની સફાઅત મકબૂલ છે. અય પરવરદીગાર હમે તારા બંદા છે. તારા મખ્લુક છે. તુયે હમને પૈદા કીદા છે, અગરચે માથાસી પાંવ તક ગુનાહોંસી ભરેલા

છે શરમમાં ભરા હુવઃ છે કે કોનસુ મુંહને લઈને તારા વલીના નજીક આવી ખરા રહીયે, ને આવાઝને ઉંચો કરીએ. અમ્મા અય પરવરદીગાર, તું અરહર-રાહેમીન છે તને ગુનેગાર બંદાની તોબાને દુઆ પસંદ છે તે વાસ્તે તારા વલીયે આઝમના નઝદીક આવીને ખરા છે, તઝરય કરીયે છે, કાલાવાલા કરીયે છે. તોબા કરીયે છે, દુઆ કરીયે છે, માફી માંગીએ છે. તારા વલીનો વસીલો લઈયે છે, અય પરવરદીગાર તુયે એહના વસીલાસી તારા કંઈક બંદા ગુનેગારને બખ્શા છે અને બખ્શે છે તે બંદાઓના જુમલા માસી હમનેલી કર, હમારા ગુનાહની તરફ નીગાહ ન કર, તારા કરમ અને તારા વલીની તરફ નઝર કર. અગર હમારા ગુનાહની તરફ દેખીશ તો હમારી કદી ખુલાસો નહી થાય. અમ્મા તારો ફઝલ આમ છે, સઘલા બંદા એમાં

શામીલ છે, તારા આ વલીની કદર તારા નઝદીક, ઘની છે. અય પરવરદીગાર, હમે હમારા વતનોને છોરા, હમારા એહલે ઓલાદને મૂકા છે. ફીરાક કીદા છે. હમારા મોહીબ્બોસી દૂર થયા, સઘલાની જુદાઈ ઈખ્તીયાર કીદી છે અને તારા આ વલીની તરફ કંઈક કોસો કતાઅ કરીને આયા છે. કંઈક મહેનત ઉઠાવી છે. શાયદ તું હમારા પર તારી રહેમત ઉતારે, તારા આ વલીની શફાઅત હમારામાં કબુલ કરે. હમારી સઘલી ઉમ્મીદો બર લાવે, હમારા ગુનાહો માફ કરે. હમારી તરફ તારી કરમની નીગાહસી દેખ, અય પરવરદીગાર હમે તારા વલીના નઝદીક આયા છે. એહના દરવાઝા પર ઉતારા છે, એહના આંગનમાં ખરા છે. આંખો ઉંચી કીધી છે. હાથોને ઉઠાયા છે. તઝરરૂઅ કરીયે છે, દુઆ કરીયે છે, નીદા બુલંદ કરી કહીયે છે, કે અય

અમીરીલમુમીનીન, અય જહાંના સરદાર અને ઉમ્મતના વલી, અય વસીયે રસુલુલ્લાહ. આયતુલ્લાહુલ કુબરા, અય મોઅજીઝાતના સાહેબ, અય ઈસ્મે અલ્લાહીલઆઝમ, અય હુસૈનના કીબ્લાગાહ, અય જનાબે ફાતેમાના શોહર, અય કુરઆને નાતીક, અય અબાઅલ હસન, અય અલી ઈબ્ને અબી તાલીબ, હમે આપના ગુલામ છે. અમારા મૌલા છો. દુર દુરસી આયા છે. ગુનાહમાં આલુદા છે. આપની જનાબમાં હાઝીર થયા છે. ઉમીદવાર છે. રહેમતના તલબગાર છે. અગર આપ રહેમત નહી કરો તો કૌન રહેમતનું કરનાર છે, હરેક શખ્શ પોતાના ફરઝંદ ઉપર રીકક્ત ખાય છે, એહલે-અકરૂબાને રહેમત કરે છે. બંદા બંદા ઉપર શફક્ત કરે છે, તો અય મૌલા આપ અરરહમર રાહેમીન છો. આપનાં ઘરસી તમામ આલમે રહેમતને શફક્ત કરતા

શીખા છે, અગર આપ રહેમતના દરવાઝાને બંદ કરશો તો પછી કૌનસા દરવાઝા ઉપર જાઈશું, કહાં ખરા રહીશે, કેના આગળ સવાલ કરીયે. અય મુસ્કીલકુસા, હમારી મુસ્કીલની દુર કરીએ. આદમની ખતા માફ થઇ આપના વસીલાસી ઇદરીસ આસ્માન પર ચઢા, આપયે નૂહના જહાઝને તૂફાનસી બચાયું, આપયે શીરાને યારી દીધી. આપયે ઈબ્રાહીમ પર આગને ઠંડી કીધી. ઇસ્માઈલને ઝબેહસી બચાયા, યાકૂબની આંખને વાલી યુસુફને કુંવાસી મીલાયા મુસાને અસા અતા કીધી. કેદી મનોસલ્લા આસ્માનસી ઉતારા યુશેની દુઆને સુનીને સૂરજડુબા હુવાને પાછા રદ કીધા. અય અય્યુબસી ઐયુબસી મઝરરાના દૂર કરનાર અને યુનુસને મચ્છીના પેટમાસી નીકાલનાર, અય ઇસાને મુર્દા ઝીંદા કરતા સીખાવનાર, અય નબીની મુશ્કેલીઓને આસાન કરનાર

અય દીનના સરદાર, અલીયુલ મુરતુઝા, અય હૈદરે-કરરાર મારી ખતા માફ કરીયે, મારી ઇઝઝત બઢાવીયે, મારા જહાઝને બલાના તુફાનસી બચાવીયે મને મારી દઅએ, મારી મુશીબતની આગને બુઝાવીયે, દુશ્મની દુશીસી બચાવીયે, ઉમ્મીદની રોશની દીખાવીયે. આ દુનીયાની ખારસી નીકાલીયે. ઔલીયાઅલ્લાહસી મીલાવીયે જન્નતની રોઝી દઇ નેઅમત દીખાવીયે. મારી દુઆને સુનીયે. નાઉમમીદના સૂરજને ઊગાવીએ. મારી મુશ્કીલને દુર કરીયે, મને ગુનાહોસી પાક કરીયે, મારા મુર્દાને ઝીંદા કરીયે, મારી મુશ્કીલને આસાન કરીયે. અય અમીરીલ મુમેનીન, કોન શખ્સે સુવાલ કીધોને આપયે ના આપો, કોન શખ્સે નીદા કીધી ને આપયે જવાબ ના દીધો. કોન શખ્સે વાર માંગી ને આપયે વાર ન આપી કોને આશરો માંગો ને આપે ના આપો. કોન

શખ્સે આપપર ભરોસો કીધોને આપયે અને ના સંભાલો હાશાક, હાશાક, યા મોલાયા, આપયે હર એક સાઈલના આવાઝનો જવાબ દીધો. હર એકને આશરો આપો હર એક મુમીનને સંભાલો, હવે આ આવાઝને પણ સુનીયે, આ સાઈલને ના ઉમ્મીદ ના કરીયે, આ મીસ્કીનને આશરો આપીયે. આ જાનને બચાવીયે, આ ગરીબને સંભાલીયે, અય અમીરીલ મુમેનીન અગર મારા ગુનાહ મોટા છે તો આપની માફી કઈ કમ નથી. આપને આ ગુનાહ માફ કરવુ કઈ ભારી નથી. અય અમીરૂલ મુમીનીન, અય વલીયુલ્લાહ, હરેક શખ્શ આપના દરવાઝા પરસી મકસદસીં દામનને ભરીને વલે છે અને

આ ગરીબ નાઉમ્મીદ વલે, સઘલા ખુશ થઈને જાય અને આ મીસ્કીન નાખુશ ખરો રહે, ના અય મારા મૌલા, મે જે મીસલ ઉમ્મીદ કરીને આયો છું તે મીસલ મારી

ઉમ્મીદને પહોંચાવીયે, મારી દુઆને કબુલ કરીયે. આપની શફાઅત અતા કરીયે, સગલા મુત્તકીનના જુમલામાં શામીલ કરીયે, શરીઅત પર કાયમ કરીયે, જહેલના મોતસી નીકાલીયે, ઈલ્મની હયાત બખ્શીએ. મારા એહલો ઔલાદને અતકીયા અબરારના જુમલામાં કરીયે, દીન દુનિયાની તાકત બખ્શીએ, તાકે આપની શફા-અતસી, ખુદાની ખુશીસી, આપના જવારમાં, આખીરતમાં સગલા જમા થઈયે. આપસી આવી લોહક થઈએ. અય રબ્બુલઆલમીન, રસુલુલ્લાહની શફાઅતસી, ફાતેમ-તુંઝેહરાની હુરમતસી, મૌલાના હસન, મૌલાના હુસૈનના તુફૈલસી, મૌલાના અલી ઝેનુલઆબેદીન, મૌલાના મોહંમદૂલ બાકીર, મૌલાના જાફરૂસ્સાદીક, મૌલાના ઈસ્માઈલ, મૌલાના મોહંમદ, મૌલાના અબ્દુલ્લાહ મૌલાના એહમદ, મૌલાના હુસૈન, મૌલાનલ મેહદી,

મૌલાનલ કાયેમ, મૌલાનલ મન્સુર, મૌલાનલ મોઈઝ, મૌલાનલ અઝીઝ, મૌલાનલ હાકીમ, મૌલાનલ ઝાહીર, મૌલાનલ મુસ્તનસીર, મૌલાના મુસ્તાલી, મૌલાનલ આમીર, મૌલાના ઈમામીત તૈયબ સાહેબેઝમાન ના વસીલાસી, મૌલાના કાયેમના વાસ્તાસી મારી દુઆ કબુલ કર. મને સઆદત નસીબ કર. આ તારા વલીના દરવાઝા પરસી મેહરૂમ ના વાલ. તુ અરરહમરરાહેમીન છે. અકરમુલ અકરમીન છે. રહેમત કર, રહેમત કર, રહેમત કર, કરમ કર, કરમ કર, કરમ કર. ફઝલ કર, ફઝલ કર, ફઝલ કર. વલહમ્દો લીલ્લાહે રબ્બીલ આલ-મીન, વસ્સલામો, વસ્સલામો. અલા સૈયેદેના મોહંમદીન

વાલેહીત્તાહેરીન.


یاحسین

વસીલા

મૌલાના હુસૈન (અ. સ.)

અસ્સલામો અલયકા અય મૌલા હુસૈન, અસ્સલામો અલયકા અય આકા હુસૈન, અય રસુલુલ્લાહના નુરે ઐન, અય ફાતેમાના દીલના ચૈન, અય ખુદાના ખાસા, અય આલમના ખુલાસા, અય મોહંમદુલ મુસ્તફાના નવાસા, અય તીન દીનના ભૂખા પ્યાસા, અય ખુદાના અર્શના તારા, અય ફાતેમાના જીગરના પારા, અય અલીના પ્યારા, અય શોહદાઓના સરદાર, અય આલમના મુખ્તાર, આ કરબલાની ઝમીનમાં. આપના ઉપર મહેનતના ચક્કરો ફીરા છે

મુસીબતના પહાડો તૂટી પરા છે. અલી અકબર અને અલી અસગર જેવા નૂરે અૈન આપની આંખસી જુદા થયા, અબ્બાસની મીસલ બહાદુર ભાઇ ફીદા થયા. તમામ યારો યાવર શહીદે રાહે ખુદા થયા. આપયે સબ્ર કીધી છે અને ખુશીના સાથ શહાદત ખરીદી છે યે મહેનતનું ઊઠાવવું એ આપનું જ કામ છે. ગુનેહગારોની કિસ્તીના બચાવવા વાસ્તે આપયે આપની કિસ્તી ખુનના દરીયામાં ડુબાવી. બચપનમાં જે મીઆદ નાના રસુલુલ્લાહને આપુ થુ, યે બાત નીભાવી છે. અય મહારા મોલા, હુ આપનો ગુલામ આપના દરવાઝા પર આયો છું. ઉમ્મીદોનો બાર ફસીને લાયો છું. આપની ઝરીહે

અકદસ પર માથુ મૂકવાના શરફને પાયો છું, કે જે ઝરીહેના ચોતરફ મલાયકો ફરી રહયા છે. સલવાત અને સલામ પઢી રહયા છે. કુબ્બા મુબારકના નીચે

આવીને ઉભો છું કે જે કુબ્બામાં દુઆ કબુલ થાય છે. હર શખ્શને પોતાની મુરાદ મીલી જાય છે. ખુદા-તઆલાએ આપને તીન ચીજ એવી આપી છે કે એ મીસલ કોઇને આપી નથી. એક તો આપની દુરૈયામાં ઇમામતનું બાકી રહેવું. આપની તુરબતની ખાક કે જે ખાકેશીફા છે, તેસી શીફાનું મેલવવું અને આપના કુબ્બાના નીચે દુઆનું કબુલ થાવું. અજબ મારા બુલંદ નસીબ કે ખુદાતઆલાએ મને આપની ઝિયારતસી શરફયાબ કીધો. આ મુકામ ચૂમવાસી પૂરસવાબ કીધો ગુલામની હાજતને આપ પર તમામ કરીયે, સવાબસી દામનને ભરીયે, આકા આપના દરબારસી કોઈ ના

નાઉમ્મીદ ફીરનાર નથી. સખીના દરવાઝાસી કોઈ નાખુસ વલનાર નથી. કઈ ગરીબો અને મોહતાજોને આપયે માલામાલ કીધા, દીનને આ દુનિયામાં માલા

માલ કીધા, નીહાલ કીધા. હજારો ઉમીદવારની ઉમ્મીદ આપયે તમામ કીધી. ફરઝંદના તલબનો આપયે ફરઝંદોની દૌલત દીધી. લાખો મોમીનને આપયે શાહ કીધા. સગલાના ઘરોને આબાદ કીધા. મૈ ભી આપસી ઉમીદ-વાર છું, દીન અને દુનિયાની સઆદતનો તલબગાર છું. મારા દીલમાં જે ઉમ્મીદ છે, તે આપ જાનો છો આપના નુરે ઐન અલીઅકબર અને અલીઅસગરના વસીલાસી આપ મારા ઉપર કરમની નીગાહ કરીયે, આપના ભાઈ અબ્બાસ અમલદારના તુફેલસી મારી ઉમ્મીદ તમામ કરીએ. આપના નાના મોહંમદુલમુસ્તફા અને આપના બાવા અલીયુલમુરતુઝાની હુરમતસી મારા વાસ્તે નેક અંજામ કરીયે. અલ્લાહુમ્મા સલ્લેઅલા મૌલાનલ હુસૈન વજદદહુ, વઅબીહુ, વઅમ્મહુ વઅબીહુ વબનીહુલકરીમ વઝુયે આમીન, રબ્બુલ આલમીન.

☆ મરસીયાહ ☆

ગમમા હુસેનના રોજે બીરાદર
ગમ નથી કોઈ આ ગમના બરાબર
ઝિક્રે હુસેનને હરદમ કરા કર
રોઇ ગુનાહો ધોજે સરાસર
રોએ છે એહને અર્શના ઉપર
રમ અને બંદાઓ ફર્શના ઉપર

બાગે નબી પર કેવી ચલી છે
ગરમ હતા તેગ઼ારે જલી છે
હર એક ફુલને હરેક કલી છે
જલવાસી દીલ પર શું બેકલી છે.

કતલ થયા છે કરબલના બનમાં
સૈયદુશ્શોહદા ને અસહાબ રનમાં.

કરબલના બનમાં શું શું બલા છે
શું શું મુસીબતમાં આલે નબી છે
અસબાહો શેહપર કુરબાન થયા છે
એહલેબૈત થયા સબ કીદા છે
    તે બાદ સરવર મારા ગયા છે
    દેખીને ઝૈનબ રોઈ રહ્યા છે.

શાદી સકીનાની થઇ કરબલામાં
શેહઝાદી થઈ ગયા કરબલામાં
દુશ્મનયે દુલાના મારી ગલામાં
તોમ યે પહોંચ્યા છે આલામલામા.
    તે પછી શીમ્રએ મારા તમાચા
    બીબીને જ્યારે મારા ગયા શેહ.

અબ્બાસ પાની લેવા સીધારા
આદાયે બે હાથ કાટીને મારા

અકબર હુસૈનના આંખોના તારા
હમશકલે તાહા શેહના પ્યારા.
કરબલના બનમાં પાયા શહાદત
શાહને ના રહી સબ્ર ને તાકાત.
શેહઝાદા છે માહના પીતા જે શીર
હાથમાં લઈ શેહયે માંગુ છે નીર
નીર ન આપુ ને દુશ્મનયે તીર
મારૂ તો ગુઝરા વો માહે મુનીર
શાહયે છોટીસી કબ્રને ખોદી
દફન કરા થઈ ખાલી છે ગોદી
શીમ્રયે આવીને ઠોકરને મારી
હલકપે કીધું ખંજરને જારી
શેહથે કહ્યું કે ઉઠ એ નારી
બુઠી છરી યહાં નહી ચલી તારી.

શેહયે દુઆએ સજદામાં કીધી
શીમ્રયે ગરદન ઉતારી લીધી
કુરઆને નાતીકને શીમ્રયે ફારા
દુનિયાસે સરવર હાય સીધારા
મહેર ને માહ થયા છે અંધારા
બીછરા હરમસી સબન સહારા
ઝયનબ પૂકારા હાયે હુસૈના
અય મારા માંજાયા ભાઈ હુસૈના

કરબલામાં ઝયનુલઆબેદીન સરવર
એકજ રહયા છે શાહના દીલબર
કૈદી થઇને ચલતા થા મુઝતર
હકના ઈમામ ને આલમના રેહબર
એહની નસલ છે સર્વે ઈમામો
તેહકીક છે સબ રબના મકામો.


/imamhussainorg
ياحسين

વસીલા જનાબે

અબ્બાસ અમલદાર (અ. સ.)

અય પરવરદીગાર, આલમના પાલનહાર, જમીનો આસ્માન તૈયાર કરનાર, સીતારાઓનું નૂર ફેંકનાર, સીતારાના અકશથી સબ્જીબાત પેદા કરનાર, જાતજાતના મેવાઓ ઉગાવનાર, જુદાજુદા ઝોક ઈન્સાન હેવાનને બખ્શનાર યા રબ્બુલઆલમીન, તારી સનાનો કીનારો નથી, બેબસ ઈન્સાન તારી કામીલ અન્વરી, સનાએ તોહીદી શું કરી શકે? પણ મજબુરી મેહરૂમી ગાલીબ થાવાસી, ફરીઝત સમજી સનાએ અસલી કરી ફૈઝ હાસીલ કરૂં, યા કીબરીયા કરમ કર, કરમ કર,

ઔર રહેમત કર, તોફીક બખ્શ; તારી રહેમતનો દરવાઝો ખોલ, પંજેતનના ગુલામો વાસ્તે, પરીન્દ, ચરીંદ, દરીંદનો જીવો બક્ષનાર, યા રબ્બુલ આલમીનૂ, દરેક જીન્સ, ઈન્સ, હાથી–ઘોડા, ગાય વગેરા હમને રીઝક કામીલ બક્ષે છે, આબોદાના નાઝીલ કરે છે. યા રબ્બુલ આલમીન તારી કુદરતની અસા ઘુમાવે છે. યા રબ્બાહુ વહદહુ લાશરીક છે. પરદામાં ચમકી ચમકીને સબની ખબર લે છે. કુદસાની શાન આશ્કાર કરે છે. શમ્શો-કમરનું હુસ્ન ફેંકે છે. અંધારું ગાયબ કરે છે. ઉજાલુ કરે છે. હીદાયત વાસ્તે ફરિસ્તાઓને જમીન પર ઉતારે છે. કંઇક અદનાને આલાને કતરાને દરીયા બનાવે છે. ગરીબને બે ફઝલીલ્લાહ ગની બનાવી શાદાન કરે છે અય પરવરદીગાર હમે તારા બંદાઓ તુને ભૂલનાર નથી, તારા કલામે અલ્લાહ પઢીયે, એનું હુસ્ન ચહેરા પર

ખેંચીયે છે. મસ્જીદ આબાદ કરીયે છે. પાચ વક્ત ફરીઝતની નમાઝ બરાબર પઢીયે છે. બેહુરમતે પંજેતન ઝઈફોને હીંમત અતા કરજે, રીઝક અતા કરજે હર દર્દ, જીસ્મ અને જાનસી દૂર કરજે. તું રોતાને હસાવે છે ઇન્સાનના આમાલ કાંટા પર બરાબર તુલાવે છે. નોશીરવાનને આદીલ બાદશાહ બનાયા, ખુદાયા હમે ભી તારા બંદાઓ છે. અદલનો જઝબો બખ્શી દે. બેહોશી ગાયબ કર, યા રહીમ, યા કરીમ, હમને મેહરૂમ ન રાખ. છેઃ અંબીયા–અવલીયા, દોઆત શોહદાઅ, ખુરશીદો ચાંદ અને સીતારાઓનો વાસ્તો દઇએ છે. ને અરઝ કરીએ છે, સબનો વસીલો લઇએ છે ને સચ્ચી અરઝ કરીએ છે કે તારી રહેમતસી હમને વસીલો બખ્શવાવી દે અને જે વસીલો અરઝ કરીએ તે કબુલ ફરમાવી દેજે અમારા મતલબને આસાન કરજે. યા રબ્બુલઆલમીન,

રૂહાની સાહેબોનો વસીલો લઈએ છે. શોહદાએ કરબલાના અફસર, સકાએ આલેમોહંમદ, અમલદારે મોહસીન, ફખરે હમઝા વ જાફર, દીલબંદે ઉમ્મુલબનીન વ હૈદર પસ્મુ અબ્બાસ સફદર કે જે અબ્બાસ ઘના મરાતીબ હાસીલ કીધા, જે રૂત્બાનો ગુલદસ્તો હાથમાં રાખતા, ગલામાં સીફ્તો સનાની ભર નાંખી દુરરની મીસલ ગુહાવી મદીનાસી વીદા થયા તો...ઉમ્મુલબનીન માએ દુધ બખ્શું. કહ્યું કે ફાતેમાના લાલની કામીલ ગુલામી કરજો અલી શેરે ખુદાની આવાઝ આવી કે અબ્બાસ મે મારી હિમંત અને કુવવત બખ્શું છું. હીંમત-તાકતસી સીબ્તેનબી હુસેન પર કુરબાની આપજે. ફાતેમા જન્નતમાં તૂને બુલંદ જગા પર વસાવસે. યા રહીમ, વસીલો અબ્બાસનો જે હમે લીધો, તે અબ્બાસ કોન? કે હકના લશ્કરના ઓફીસર છે. અમલદાર છે.

આલેમોહંમદના સદકા છે, સકીનાના ચચ્ચા છે, સકીનાને ગમખ્વારી કરતા, ખાંધે બીઠાવતા, પ્યાર કામીલ કરતા ઝયનબ વ કુલસુમ વ રૂકૈયાના બીરાદરે આલી જોહર થા તો જોહરનો જલવો કરબલામાં એવો ધુમાયો કે મરહબા મરહબા મલીક જીન પૂકારા છે. અય માલીક, અબ્બાસનો વસીલો લઇ અરઝ અબ્બાસને કરીયે છે, કરબલા મોઅલ્લાને ફીરદોસી બનાવી, ઝવવારોને ઝુલાવી શરફ બખ્શો મોલા. જાફરે તૈયાર ના હમસર સરદાર, મોલાના અબ્બાસ છે કેમ હમે કુરબાન અબ્બાસ પર ના થઇએ. અને હમારા મતાલીબો કેમ ના હાસીલ કરીયે. લબ્બૈક લબ્બૈક કહેતા જઈએ, સવાલો કરતા રહીયે નેઅમતસી ખાલી ઝોળી ભરી દઈએ. યા અબ્બાસ હમારા વસીલા મુજલ્લા આપ છો. આપનો વસીલો ઈતરતે હૈદર લઇ કુફ્ફારોસી હમકમાલ થવા હીકમતની


વાત છે. તેમજ મૌલા ઝૈનુલ આબેદીનયે હર મુશ્કીલા તમાં ચચા જાનનો વાસ્તો લઇ દીલેરી હાલતમાં સફર કરીને અંજામ તક પહોંચ્યા ઝૈનુલ આબેદીન અબ્બાસ બાવફાથી હંમેશા સલાહ મુબારક લેતા અબ્બાસ જંગલમાં, કુફા શામમાં આબીદ (અ. સ.)ની ખબર-ગીરી કરતા, બાદુશ્શહાદત મઆજીઝ-કરીશ્માં બતાવતા હવે યા અબ્બાસ આપ ઉમ્મત બચાવી. તેમજ હમને આફાત કુલ્લીયાતસી જરૂર બચાવશો. હમે ઉમ્મીદવાર છે. રહેમતના ખ્વાસ્તગાર છે હમે હરતરાહસી મજબુરી મહેરૂમીમાં ગરક છે. અલી ઝૈનુલ આબેદીન, આપના ભતીજા, રાતમાં મહેરૂમો-મજબૂરોને જમન ફી વજહીલા અતા ફરમાવતા, તેમજ આપ મેહરૂમો મજબુરોની ખબર લેતા, મઆજીઝથી મુશ્કીલાત દુર કરવા તો હમે યા અબ્બાસ, આપના ગુલામ સાદીક છે. શોહદાએ કર-

બલાના માતમદારો છો. હૈદરી જલ્વા બતાવો. એહતે કુલ્લીસી ચાદાન કરી બતાવો, આપનો કત્બો બુલંદ છે આપને જીબ્રાઈલ વ મીકાઈલ બાવફા કહી સુનાવતા અને કહેતા કે અલ્લાહ અમીન અબ્બાસ. તો યા અબ્બાસ મે આપનો વસીલો લીધો છે. આપ જરૂર કલમાગોઓને મોહંમદની મુશ્કીલાતમાં યારી બખ્શો. યા અબ્બાસ આપ કયામતમાં સી. આઈ. ડી. બનશો. અબ્બાબૂરાની ખબર મહેશરના શફીને સુનાવશો અને અમલ ઉમ્મતના મીઝાનમાં સાહેબે કયામત તુલાવસે તો વફાદાર અબ્બાસ આપસી હરેકનો ફેસલો મુસફ્ફા ખુદાને કરી હક અદા કરશો. યા અબ્બાસ હમારી દીલી આશા ઉમ્મીદો પાર પારો. ઉમ્મીદ હમારી જે જે છે તે આપ ગેબસી જાનો છો. નતીજો નીકલવાની મહેરબાની કરશો, ને હમારો સલામ ઝુલફીરામ લઈ

બેડો પાર કરશો. ઉમ્મુલ બનીન અલી હૈદરના મુશ્કીલ
કુશા શાહઝાદા છો. બસ અમારી છતની અરઝ પર
આગાહ ફરમાવી રહેમતના બારીશ નાઝીલ કરશો. યા
અબ્બાસ આપનો વસીલો હમારૂં હથિયાર મુબારક છે
તો અરઝ કરીયે છે કે જેમ યુસુફનથી ઝુલેખાસી
મીસરમાં ઝેબન્દા થયા તેમજ આપથી યુસુફે શાહે
નજફ કરબલામાં ઝેબન્દા થયા તો હમે આપના વસીલ-
દાર છે. હવે અરઝ ગુઝારીયે છે કે મુરાદો બખ્શી દીલ
ઝેબંદા કરી દઈએ. આપ વફાદારીમાં યકતા બનો છો.
વફાદારી હમારા ઉપર નીસાર કરીયે, મકબુલ ફરમાવીયે
આપ હીંમતના ખઝાના છો, ફરમાને અલી છે તો
હમે આપના બાવાજી અલી સાહેબના હકીકી ગુલામ
છે. હીંમતનો મજમુઆ બનાવી આપો. આપ કરફનમાં
હોશીયાર પાલનહાર છો. આપ અબ્બાસ દયાળુ

સરદાર છો આપના એક ઝુવવાર આપની ઝીયારત કરી વાપસ વતન જવાની તેયારી કીધી જહાઝમાં સવાર થયા. એનું ફરઝંદ દરીયામાં પડી ગયું ઝવવાંર રોતા ગયા, ને આપને યાદ કીધા. એજાઝમાં સીધારીને એ ફરઝંદને પાણીમાંથી ખેંચી એની ગોદમાં આપી ખુર્રમ બનાવી દીધા, યા હાતીમના સરદાર અબ્બાસ અલમ-દાર, હમે દુનિયાની મુસીબતોના કુવામાં ગરક છે. આપનો વસીલો લીધો છે. કુવાસી બહાર નીકલો યા મૌલા અબ્બાસ, યા સાનીયે હમઝા, સાનીયે જાફર, સાનીયે અબ્બાસ બીન અબ્દુલમુતલ્લીબ, કયામત તક આપની બહાદુરીનો જલાવો કાયેમ રહેશે, હર એક આપસી ફૈઝયાબી હાસી કરશે. સલામો પઢી પઢી સવાબના મોતી લૂંટશે તો હમે વસીલાવાલા મેહરૂમ રહીએ એ કેમ બની શકે, વસીલો લીધો છે તો એનો ખુલાસો

નીકાલવા આપનું કામ છે, આપના ફઝલની કહાની મુનવ્વરા છે. આપ અબ્બાસ બાહોશી બખ્શ છો. અબ્બાસીજલી છો. સીફતના મુરક્કા છો. દરેક કામ નાયાબ કરી દીખાવનાર છો. હમારૂં કીસ્મત કે ઈલાહી લશ્કરના સરદાર હાસીલ થયા. અઝાબે અકબરથી આઝાદગી મયસ્સર થઈ. બસ આખરી કલાંમ આ છે કે ખરીસે અલી અબ્બાસ ઉપર લાખો કરોડો સલામનું નઝરાનું અરઝ કરીયે છે. અબ્બાસ એહલેદીન તમારા ગુલામ ગુન્હેગાર સલામ દરેક પઢે. વાઝે સલામ પઢે દરેક વસીલાને આકાં ઝમામ ચાહે છે. સબ્બે આપસી મતાલીબ તમામ અબ્બાસ ઈસ્મેપાકમાં કુવત અઝીમ મુસ્કીલમાં મોલા યાદ કરે સઉ તારા નામ.



વસીલા સૈયદના વ

મૌલાના હાતીમ બીન ઇબ્રાહીમ

યા અલ્લાહો, યા રબ્બો, યા રહેમાનો, યા રહીમો, યા માલીકો, યા મોહીતો, અય પરવરદીગાર, તારો શુક્ર હઝારવાર કરવું હમારા પર ફરઝ થયું તો શુક્ર અલ્લાહ તને સુનાવીયે છે, તારી રહેમતના મુસ્તાક પે હમ રહીયે, રહેમત દીખાવવાની મતલબ સુબ્હોશામ બંદાઓને બખ્શ, વસીલો કબુલ કર, વસીલો ખાસ હાતીમ બીન ઈબ્રાહીમ યમનીનો લઇએ છે, અય પર-વરદીગાર હાતીમ ભી મોજીઝનુમાં સરદાર છે, મુશ્કીલ હલ કરનાર દાતાર છે. દાઇલમુતલક લાસાની સરદાર છે.

સખાવતમાં યકતા છે. હાજતરવાઇમાંભી લાસાની મૌલા રહેમતની કસોટી ઝરીહે અકસદ આપની બરહક છે. સૂરજની રોશનાં કરે, મગરીબમાં ગુરૂબસી ઠહરાવી દે છે. પાછો ઉલ્ટો ફીરાવી દે, હાતીમની તકવા કદમબોસ રહેતી ઇમાઝઝમુમાન તૈયબના ફઝલ બયાન કરી ફરવતા, તીલાવતે કુરઆનમા કમી ન કરતા, અસરાર બયાન કરી લોકોને ખુશ કરતા, લોકો હિકમતના કલામો સુની સુબુહ સુબુહનો આવાઝ કરતા, આપની સખાવત પર સખાવતે હાતીમ તે કુરબાન હતી. આપની ખીદમતમાં જીન્નાત હાઝીર રહેતા બાઅઝ બઅઝ ફરીસ્તા રૂએ હાતીમ પર જન્નતની ખુસ્બો છીરકતા. યમની લોગો ખુશ્બો લેતા અને લબ્બૈક લબ્બૈક કહી સલામો પઢતા, બુલંદ કરતા, હાતીમ મુમેનુન મુખ્લેસુન ની નાયાબ કામ્યાબીની દુઆ દેતા તો હમે એહવા

મૌલા હાતીમસી કેમ મહેરૂમ રહીયે, વસીલો હાતીમનો લઇને દુઆઓના ગુન્ચા ખીલાવીયે.

વસીલો હાતીમનો સકુરો દેખી રબ્બે અકબર મુશ્કીલાતસી પનાહ કરશે. જનાબે હાતીમ તીસરા દાઈ છે, યે નેક અખ્તર હેદરે કરરારના ગુલામ નામવર છે. કુરરતુલ મલેકાનો તાજ માથા પર મૂકી શાહી તેયબી બુલંદ કીધી, ખુદાતઆલા યે હાતીમ હમે વસીલામાં રહીયે તે કરવા પર મકબુલ ફરમાવી મહેરૂમોની મહેરૂમી દુર ફરમાવે, હાતીમને અરઝ કરીયે છે કે હમારી હર આફતો દુર કરી ઝીલ્લતની ભંવરસી બચાવે, ઈન્કી-લાબસી પનાહમાં રાખે, જે માંગીયે તે કરઝન હસનની મીસલ અતા કરે, રોતાને હંસાવે, આપ ગુલીસ્તાને દઅવતના માલી છો, હમારા ઘરનો બાગ હરોભરો કરો, ઇઝઝત બુલંદ કરો, કરઝ હોય તો હમને કરઝથી

આઝાદ કરો, હાતીમ સાહેબ હમારો સલામે ફાકેરા કબુલ કરો, યા હાતીમ, હીકમતના ખાતીમ, હમારા પર કરમની નઝર ફીરાવો, હર ઉમ્મીદોનો બેડો પાર કરી ખુશીની અંગુસ્તરી પહેનાવો, મઆજીઝના દરીયા છો. આઅમાલે સાલેહાતના આપ જોહર છો. યા હાતીમદાઈ, વત્તીને વઝઝાયતુનની આયાત આપ પર નીસાર અરઝ કરીયે છે. અવ્વલ ખુદાની ઈબાદત કરી ઇસ્મેઆઝમની તસ્બીહબી ફીરાવીએ, યા હાતીમ મોલા હર મુમીન મુંમીનાતની મોહબ્બતનો મતલબ છે. મોહબ્બતની ઈઝઝત મીલે, મોહંમદુલ મુસ્તફાના દીન પર હમારૂં નશર કાયમ રહે બલ્કે હર દીન લાઈલાહા ઇલ્લલાહો મોહંમદુન રસુલુલ્લાહો, અલીયુન વલીયુલ્લાહનો કલેમો ઝબાનસી નીકલે. હર વકત તાદેઅલીનો એહેદનો ફીલાદો ગરદનમાં ઝેબન્દા રહે અને દાઈ, માઝુન

અને મુહાજીરે દઅવતના ફરમાનને માથે ચઢાવી ઝીંદગી બસર કરીયે ને તીન સાહેબોસી બુસ્તાદઅવત મ્હેંકે છે, હમે એહના દામનસી વલગા હુવા રહીયે, આપ તોફીક બખ્શી કરમ નીછાવર ફરમાવીયે, હમને હીંદ, સીંધ, યમન, ઇરાકના મુસાફીર બનાવીયે, શોહદા-ઓના ઝુવવાર બનાવાની હિકમત નવાઝીશ ફરમાવીયે, ઇમામ અને દાઈના સચ્ચા ગુલામ છે, હમારી થોડી અરઝ પર વસીલો ખતમ કરીયે છે, તે કબુલ ફરમાવો મોલા.